GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

# હજરત મહંમદ પયગંબર સાહેબના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ

# A Study of the Educational Thinking of Prophet Muhammad

**શબનમ એસ. સૈયદ**
પીએચ. ડી સ્કૉલર
**ડૉ. નિલેશ કાપડિયા**
માર્ગદર્શક
શિક્ષણ વિદ્યાશાખા (IASE),
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**સારાંશ**

હજરત મહંમદ પયગંબર સાહેબના શિક્ષણને વ્યક્તિના આધ્યાત્મિક વિકાસ, સામાજિક વિકાસ અને નૈતિક વિકાસ તથા સદાચારી જીવન જીવવા જેવી પાયાની બાબતો સાથે સાંકળી શકાય છે. જ્ઞાન મેળવવું ફક્ત ભૌતિક જગત માટે આવશ્યક છે એવું નથી પરંતુ તે વ્યક્તિ ઈશ્વરની દ્રષ્ટિમાં ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરે છે.  શિક્ષણ વ્યક્તિને દુનિયા અને પરલોકમાં મૂલ્યવાન બનાવે છે. સાચું જ્ઞાન વ્યક્તિને સ્વર્ગ સુધી લઈ જાય છે. તેથી જ્ઞાન રૂપી પાત્ર દ્વારાં જ વ્યક્તિને અંતમાં મુક્તિ તરફ લઈ જવા માટે પયગંબર સાહેબ આધ્યાત્મિક શિક્ષણ અને મૂલ્ય શિક્ષણ પર ભાર મૂકે છે. શિક્ષણ દ્વારાં પ્રેમ, સહકાર, સમાજમાં સહાનુભૂતિ, અહિંસા, ભાઈચારો, ન્યાય પ્રિયતા, સત્યનિષ્ઠ, હિંમત અને માનવ્ય જેવા પરિબળોનો વિકાસ થાય છે અને અજ્ઞાનતાની અસંસ્કારી પ્રથામાંથી, કુરિવાજો, વહેમોમાંથી મુક્તિ મેળવે છે. મહંમદ પયગંબર સાહેબના વિચારોમાં ક્યારેય  ‘હું’ કે ‘મારો સમુદાય’ નથી આવતો તેમના વિચારોમાંથી ‘જય જગત’ની ચાવી મળી રહે છે. તેમણે સમગ્ર માનવજાતને એક પુરુષ અને સ્ત્રીના સંતાનો કહ્યા છે તેથી કહી શકાય કે બધાના શરીરમાં એક જ લોહી વહે છે. તેમણે બધા જ ભેદભાવને સમાપ્ત કરી વસુધૈવ કુટુંબકુમની ભાવના સ્થાપિત કરવાની વાત કરી છે. બે હાથે કમાવો અને હજારો હાથે દાન કરવાની ભલામણ કરી છે અને એ વાતે પણ બાંધ્યા છે ‘સમૃદ્ધ હોવ ત્યારે દાન કરો’ તેમના વિચારોમાં સર્વોદયની ઝાંખી જોવા મળે છે. તેમના સામાજિક શિક્ષણને તપાસતા માલૂમ પડે છે શિક્ષણ મેળવવાનો હેતુ લોક

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

કલ્યાણ માટેનો હોવો જોઈએ. તેઓ દ્રઢપણે માનતા કે વ્યક્તિ બીજા પર દયા કરશે તો તે ઈશ્વરના દયાપાત્ર બનશે, જો વ્યક્તિ બીજી વ્યક્તિને માફ કરશે તો ઈશ્વર પણ તેની ભૂલોને માફ કરશે. આમ, વ્યક્તિ જો ઈચ્છે કે ઈશ્વર તેનું બધુ સારું અને ભલું કરે તો તેણે દુનિયામાં આસપાસના લોકોનું સારું અને ભલું કરવું જોઈએ.

પયગંબર સાહેબે તે સમયમાં સ્ત્રી અને પુરુષ શિક્ષણ મેળવવા સમાન અધિકાર આપી શિક્ષણ વધારવાના નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. આ સંસારમાં જ્ઞાન જેવુ પવિત્ર કરનારું બીજું કશું જ નથી. આ વાત દ્વારાં શિક્ષણના મૂલ્યનો વધારો આંકી દીધો છે.

**ચાવી રૂપ શબ્દો:** હજરત મહંમદ પયગંબર સાહેબ, શૈક્ષણિક વિચાર, ધર્મ, જ્ઞાન

શિક્ષણ એટલે મનુષ્યનો પૂર્ણ વિકાસ. મનુષ્યના આધ્યાત્મિક અને બૌધ્દિક ઉત્કર્ષ શિક્ષણથી જ સંભવ છે. શિક્ષણ દ્વારા સમાજ પોતાની સંસ્કૃતિની રક્ષા કરે છે તેમજ સુખ અને સમૃદ્ધિ લાવવાનું કાર્ય કરે છે. વિશ્વનો ઈતિહાસ આ વાતનો સાક્ષી છે કે સમયની માંગે અનેક મહાપુરુષોને જન્મ આપ્યો છે જેમણે સમાજ અને વિશ્વને આદર્શ વ્યક્તિત્વથી પ્રભાવિત કરી માનવતાનો માર્ગ બતાવ્યો છે. દુનિયામાં સમયે સમયે અનેક મહાપુરુષોનો જન્મ થયો જેઓ ભગવાન, સંત, પયગંબર,ધર્મ સ્થાપકના રૂપમાં સ્વીકાર થયા જેમાં મુખ્ય છે, હિન્દુ ધર્મનાં શ્રી રામ, ઈસાઈ ધર્મના ઈસુ ખ્રિસ્ત, બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ, જૈન ધર્મમાં ઋષભદેવ થી માંડીને અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી, યહૂદી ધર્મના હજરત મોઝીઝ તેમજ ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહમંદ. દરેક ધર્મના લાંબા ઈતિહાસમાં અનેક વાર એવા પ્રસંગો બન્યા છે કે તેના દરેક સંપ્રદાયમાં સડા પેઠા હોય અને તેને પરિણામે ધર્મના આદર્શ ભુલાઈ ગયા હોય પરંતુ દરેક ધર્મનું એ સદ્દભાગ્ય રહ્યું છે કે આવા પ્રસંગે કોઈને કોઈ ધર્મપુરુષ પાકે છે અને તે ધાર્મિક શિથિલતા કે સડાને દૂર કરીને ધર્મમાં નવો પ્રાણ પૂરે છે. આ તમામ મહાપુરુષો કે ધર્મસ્થાપક એ તત્કાલીન સમાજમાં ચાલતી સમસ્યાઓ દૂર કરવા શિક્ષણ આપવાનો માર્ગ અપનાવ્યો. તેથી કહી શકાય કે શિક્ષણની પ્રક્રિયા ઉપર જે તે યુગમાં થયેલ શિક્ષણ ચિંતકોના વિચારોનો પ્રભાવ પડતો રહ્યો છે. આજનું શિક્ષણ માળખું આ બધા વિચારકોના થકી ઘડાયું છે. પરિવર્તન પામ્યું છે અને વિકસિત થયું છે.

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

હજરત મહંમદ પયગંબર સાહેબનો જન્મ ઈસ્લામિક તારીખ 12મી રબ્બીઉલ અવ્વલ અને 570 .સ.એપ્રિલ ઈ 22 અંગેજી તારીખસોમવારના દિવસે મક્કા શહેરમાં થયો હતો. કુટુંબમાં એક પછી એક અવસાન થવાથી તેમનો ઉછેર કાકા અબુ તાલિબે કર્યો હતો. બાળપણ થી તેમનું પ્રતાપી વ્યક્તિત્વ જોઈએ ને લોકો તેમનું ભવિષ્ય ઉજ્જવળ જોતાં હતાં. મહંમદે વર્ષની ઉંમરમાં જ કૌટુંબિક વ્યવસાયમાં 12 મહંમદ વેપારીઓના .પોતાના કાકા સાથે વેપારી વણઝારા તરીકે પરદેશ જવાનું થતું .પ્રવેશ કર્યો મહંમદની ઈમાનદારી જોઈ .આડતિયા તરીકે કામ કરતાલોકો તેમને ના નામથી "અમીન –અલ" સંશોધન ,તેમજ તેમનું ઊંડું જ્ઞાન (.અમીન એટેલે વિશ્વાસુ માણસ –અલ) .બોલવતાવૃતિવિશાળ , તેથી ,તેમની સમજણ સાથેની વિશાળ દ્રષ્ટિ તેમજ ઉદારતાની ભારે છાપ લોકો પર જોવા મળતી ,હૃદય માત્ર વેપારીઓમાં જ નહિ પણ મક્કાની અન્ય પ્રજામાં પણમહંમદે લોકપ્રિયતા મેળવી હતી . સત્ય અને વચન પાલનના કારણે દુશ્મન પણ પોતાનો માલ તેમના ભરોશે સોંપીને ,વ્યાવસાયિક મૂલ્ય જતાં હતાં પરદેશીઓ અને નિર્બળોની મદદ કરવામાં હમેંશા આગળ રહેતા અને ગરીબોને મદદ કરવામાં મોખરે રહેતાઅમીનન –મોટા ઝઘડાઓની પતાવટ વખતે લોકો અલ –નાના .ે મધ્યસ્થી બનાવતા.

આરબ રાજ્ય સંપૂર્ણ સામાજિક સમસ્યાઓના અંધકારથી ઘેરાઈ ગયો હતો. લોકોમાં અંધશ્રધ્ધા, ઈશ્વર પ્રત્યેના વિશ્વાસનો અભાવ, ગરીબ લોકો પર અત્યાચાર થતાં તેમને ગુલામ બનાવી વેચવામાં આવતા તેમજ તેમની સાથે પ્રાણીઓ જેવુ વર્તન કરવામાં આવતું હતું, ઘણાં વર્ષો સુધી પેઢીઓમાં લડાઈ–ઝગડાઓ ચાલતા, લોકો બદલાની ભાવનાને જીવનનું લક્ષ્ય માનતા હતા. સ્ત્રીઓ અને મજૂરો સાથે અમાનુષી વર્તન કરવામાં આવતું, બાળકીઓને જીવતી દાટી દેવામાં આવતી હતી, ગરીબ તવંગર, સ્ત્રી પુરુષ વચ્ચે ભેદભાવ, અસમાનતા જેવી બદીઓ છવાઈ ગઈ હતી. આરબ પ્રજાની દુર્દશા મહંમદના માનસ પર ઘેરી અસર કરી, મહંમદ હંમેશા આ બધી જ બદીઓથી દૂર રહેતા. મહંમદ મોટાભાગનો સમય એકાંતમાં ચિંતન અને સાધના કરવામાં ગાળતા ,લાંબા સમય સુધી ધ્યાનમાં બેસી રહેતા હતાં. 10 ઓગષ્ટ ઈ.સ 610.સોમવાર અને રમઝાન મહિનાના આખરે મહમંદને ઈશ્વર દ્વારાં યગંબર તરીકે પસંદ કર્યા. ત્યારબાદ તેમણે 40 વર્ષે લોકોને ઉપદેશ આપવાની શરૂઆત કરી આરબો જુગાર, દારૂ, ચોરી,

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

વ્યભિચારી છોડી ભાઈચારાથી પવિત્ર જીવન ગાળવાનો ઉપદેશ આપ્યો. એકેશ્વરવાદીની ભાવના જગાડી. સ્ત્રીઓની ઈજ્જત અને સન્માન આપવાની બાબતોને આવકારીને કહ્યું કે "સ્વર્ગ માંના કદમોની નીચે છે." તેમણે સ્ત્રીઓનો સ્થાન ઊંચું કરી સમાજમાં મહત્વ આપ્યું. તેમજ તેઓ હમેશાં સ્ત્રીઓ સાથેના સદવ્યવહાર પર ભાર આપતા હતાં.

આમ,તેઓ એ હંમેશા લોકોને સાચું માર્ગ અને માર્ગદર્શન આપ્યું હતું. તેઓની ભૂમિકા બહુ આયામી રહી છે. તે એક સમાજ સુધારકની સાથે એક આદર્શ શિક્ષક પણ હતાં.

મહમંદ પયગંબર સાહેબ શિક્ષિત લોકોને ઉચ્ચ દરજ્જો આપતાં. તેમની સભામાં શિક્ષિત લોકોને ઉચ્ચ સ્થાન પર બેસાડતાં અને લોકોને શિક્ષણનું મહત્વ સમજાવતા હતાં. પુરુષની સાથે સ્ત્રી કેળવણીમાં તે અગ્રિણ રહ્યા છે. તેમણે આજીવન પયગંબરની સાથે એક શિક્ષકની પણ બખૂબી ભૂમિકા ભજવી છે. સંશોધકને તેમના શિક્ષણ વિશેના વિચારોને પ્રકાશમાં લાવવાનો રસ છે તેથી પ્રસ્તુત સંશોધન અભ્યાસ હાથ ધર્યું હતું.

**અભ્યાસનું શીર્ષક**

હજરત મહમંદ પયગંબર સાહેબના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ

**હેતુઓ**

1) હજરત મહંમદ પયગંબર સાહેબના જીવન ફિલસૂફીનો અભ્યાસ કરવો.
2) હજરત મહંમદ પયગંબર સાહેબના શૈક્ષણિક ફિલસૂફીનો અભ્યાસ કરવો.
3) હજરત મહંમદ પયગંબર સાહેબના મતે શિક્ષણના હેતુઓ અંગેના વિચારો જાણવા.

**પ્રશ્નો**

1) હજરત મહંમદ પયગંબર સાહેબના જીવન ફિલસૂફી સંદર્ભે ક્યા વિચારો વ્યક્ત થયા છે?
2) હજરત મહંમદ પયગંબર સાહેબના શૈક્ષણિક ફિલસૂફી સંદર્ભે ક્યા વિચારો વ્યક્ત થયા છે?
3) હજરત મહંમદ પયગંબર સાહેબના મતે શિક્ષણના હેતુઓ અંગે ક્યા વિચારો વ્યક્ત થયા છે?

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

**અભ્યાસનું ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસ  હજરત મહંમદ પયગંબર સાહેબ દ્વારાં આવેલ ધર્મ ગ્રંથ અને તેમના પર અન્ય લેખકો દ્વારાં લખાયેલા સાહિત્યમાંથી નિષ્પન્ન થતાં શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરી શિક્ષણના સંદર્ભે અર્થઘટનો તારવવાના હોવાથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'શૈક્ષણિક તત્વજ્ઞાન'નું હતું.

**સંશોધન પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસ હજરત મહંમદ પયગંબર સાહેબ દ્વારાં આવેલ ધર્મ ગ્રંથ અને અન્ય લેખકો દ્વારાં લખાયેલા સાહિત્યમાંથી નિષ્પન્ન થતાં શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરી શિક્ષણના સંદર્ભે અર્થઘટનો તારવવાના હોવાથી પ્રસ્તુત અભ્યાસ ' ગુણાત્મક સંશોધન' પ્રકારનો  હતો.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ  હજરત મહંમદ પયગંબર સાહેબ દ્વારાં આવેલ ધર્મ ગ્રંથ અને તેમના પર અન્ય લેખકો દ્વારાં  લખાયેલા સાહિત્યમાંથી નિષ્પન્ન થતાં શૈક્ષણિક વિચારો તારવવા માટે હાથ ધરવામાં આવ્યો હતો તેથી અભ્યાસકે ગુણાત્મક સંશોધનથી ' વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ' નો વિનિયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

હજરત મહંમદ પયગંબર સાહેબ પર રચાયેલ અલગ અલગ પાંચ ભાષાઓમાં 15 જેટલા પુસ્તકો સામેલ છે. તેમાં અરબી અને ઉર્દુમાંથી અનુવાદ થયેલ પુસ્તકો સમાવિષ્ટ છે. સમયની મર્યાદાના કારણે વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ તમામ પુસ્તકોનો અભ્યાસ કરવાનું શક્ય નહોતું. માટે હજરત મહંમદ પયગંબર સાહેબની શૈક્ષણિક ફિલસૂફી દર્શાવતું સાહિત્ય તેમજ હદિષોનું સંગ્રહ અને તેમના વિશે અન્ય લેખકોએ લખેલ સાહિત્ય પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતું.

અભ્યાસમાં સહેતુક નમૂના પસંદગીની પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં હજરત મહંમદ પયગંબર સાહેબના સાહિત્યમાંથી ગુજરાતી ભાષા,હિન્દી ભાષા અને અંગ્રજી ભાષાના પુસ્તકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પ્રકારનો હતો. ગુણાત્મક અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે નોંધ, અવલોકનપત્ર, નોંધપત્રકો વગેરે જેવા ઉપકરણો પસંદ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસક દ્વારાં હજરત મહંમદ પયગંબર સાહેબના પુસ્તકોમાં રજૂ થયેલા શૈક્ષણિક વિચારો તારવવાના હોવાથી માહિતી એકત્રીકરણ માટે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી. અભ્યાસકે નોંધપત્રક નંબર, પુસ્તકનું નામ, સંદર્ભ પૃષ્ટ, વિચાર એકમ, વિચાર એકમનો ગુજરાતી ભાષામાં અનુવાદ,શૈક્ષણિક વિચાર સંદર્ભ અને ચાવીરૂપ શબ્દ, નિષ્પન્ન થતો શૈક્ષણિક વિચાર વગેરે વિગતોનો સમાવેશ કર્યો હતો.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ એ ઉપકરણની રચના જેટલું જ મહત્વનું કાર્ય હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે નમૂનામાં સમાવિષ્ટ પુસ્તકોનું વાંચન કરી તેમાંથી હજરત મહંમદ પયગંબર સાહેબના શૈક્ષણિક વિચારોને નોંધપત્રકમાં નોંધ્યા હતાં. અભ્યાસક દ્વારા હજરત મહંમદ પયગંબર સાહેબના પુસ્તકોમાંથી માહિતી એકત્રિત કરવાનું કાર્ય કરેલ હતું.

**માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન રજૂ કરવાનો ઉપક્રમ સ્વીકારવામાં આવ્યો છે. હજરત મહંમદ પયગંબર સાહેબના નમૂનામાં સમાવિષ્ટ પુસ્તકોમાંથી પ્રાપ્ત થયેલા નોંધપત્રક તથા દરેક શૈક્ષણિક વિચાર સંદર્ભે પ્રાપ્ત થયેલ માહિતીની રજૂઆત તથા અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**માહિતીનું અર્થઘટન**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કર્યા બાદ મળેલ માહિતીનું સરળ ભાષામાં અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ અર્થઘટનની યથાર્થતા અને વિશ્વનીયતા તપાસવા માટે 4 તજજ્ઞો પાસેથી અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતાં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

**અભ્યાસના તારણો**

ઈશ્વરની દ્રષ્ટિએ  વિશ્વાસુ માણસો અને જ્ઞાની માણસોનો દરજ્જો બીજા કરતાં ઘણો ઊંચો છે એટલે જ્ઞાન પ્રાપ્ત કરવાનો મુખ્ય હેતુ પોતાની પ્રતિષ્ઠા વધારવાનો હોવો જોઈએ. જ્ઞાન મેળવવું માત્ર બૌદ્ધિક વિકાસ સુધી મર્યાદિત ના રહેતા તેમાં આત્મા, શરીર અને વ્યવહારુ જીવનનો વિકાસ સામેલ છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વ્યક્તિના જીવન અને આખી પરલોકીય યાત્રા માટે મૂલ્યવાન છે. ઈશ્વર ક્યારેય એક સાચા જ્ઞાની ની શોધને વ્યર્થ  જવા દેતા નથી. તે દુનિયામાં અને પરલોકમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે છે. અહી હજરત મહંમદ પયગંબર સાહેબ શિક્ષણ દ્વારાં ઉચ્ચ જીવન જીવી સ્વર્ગને હાંસલ કરવાની હાંકલ કરે છે.

આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાન  ખૂબ જરૂરી છે. જ્ઞાન દ્વારાં વ્યક્તિના  મનમાં સ્થિરતા આવે છે. જ્ઞાન થકી જ વૈચારિક વિકાસની પ્રક્રિયા ચાલુ રહે છે. જ્ઞાન વગર માણસ ના તો પવિત્ર પુસ્તકો વાંચી શકે અને ના તો ઈતિહાસ અને સર્જન વિશે ઊંડાણપૂર્વક જાણી શકે. જ્ઞાન માણસને જાનવરના સ્તરથી માણસના સ્તર સુધી લઈ જાય છે. જ્ઞાન મેળવવું માત્ર આધ્યાત્મિકતા માટે નહિ, પરંતુ તે વ્યાવસાયિક અને દૈનિક જીવનમાં પણ ઉત્તમ માર્ગદર્શક તરીકે સાબિત થાય છે. હજરત મહંમદ પયગંબર સાહેબ માણસે માણસ તરીકે જીવવું હોય તો જ્ઞાન પ્રાપ્ત કરવાની ફરજ પાડે છે. ઈસ્લામની શરૂઆત જ જ્ઞાન અને શિક્ષણ માટેની પ્રેરણાથી થઈ છે.

જ્ઞાન અથવા  શિક્ષણ મેળવવું માત્ર દુનિયાના ફાયદાઓ માટે નથી, પણ તે પરમાત્માને સમજવા અને શાંતિ પ્રાપ્ત કરવા માટે પણ છે. ઈશ્વરે "કલમ" દ્વારા જ્ઞાન આપ્યું છે, જે લેખન એ જ્ઞાનના પ્રસારનું પ્રતીક છે. આ ચિહ્નિત કરે છે કે લેખન અને વાંચન જ્ઞાનના સચોટ સાધન છે અને તે મનુષ્યની વિકાસ યાત્રામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આપણા માનસમાં જે પણ જ્ઞાન ઉદભવે છે કે  અનુભવ દ્વારાં  પ્રાપ્ત થાય છે અને  તેને કાગળમાં લખીને સંગ્રહ કરો. અર્થાત જ્ઞાનને મસ્તિષ્કમાંથી કાઢીને પુસ્તકાલય સ્વરૂપે એકત્રિત કરીને જ્ઞાનનો લાભ બીજાને મળે તેવી વ્યવસ્થાની હિમાયત હજરત મહંમદ પયગંબર સાહેબ કરે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

હજરત મહંમદ પયગંબર સાહેબ જ્ઞાની અને અજ્ઞાની લોકો વચ્ચે ભેદ સ્પષ્ટ કરે છે. જ્ઞાન ધરાવનારાઓ પાસે સાચું જીવન જીવવાની અને ઈશ્વરના માર્ગને ઓળખવાની સ્પષ્ટ સમજ હોય છે, તેઓ જીવનના દરેક ક્ષેત્રમાં એક જવાબદાર અને બુદ્ધિપૂર્ણ દ્રષ્ટિકોણ ધરાવે છે, જ્યારે અજ્ઞાન લોકો માટે આ માર્ગ અસ્પષ્ટ રહે છે. તેથી માણસનું કર્તવ્ય છે કે સાચા જ્ઞાનની શોધમાં રહે, અને સમજણ મેળવવા માટે પ્રયાસ કરે, જેથી તેઓ જીવનમાં યોગ્ય રસ્તા પર ચાલી શકે.

જ્ઞાનમાં વૃદ્ધિ કરવા હેતુ જે આપણે નથી જાણતા તે પુસ્તક વાંચવાની સાથે જે વ્યક્તિ જાણે છે, જ્ઞાન ધરાવે છે તેને પૂછવામાં ક્યારેય સંકોચ અનુભવવો જોઈએ નહિ, બીજાના અનુભવમાંથી પણ ઘણું શીખવાનું મળે છે. તેમજ તેની સાથે વ્યક્તિ– વ્યક્તિના સંબંધોમાં પણ વૃદ્ધિ થાય છે. શીખતા રહેવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણનું વાસ્તવિક ઉદ્દેશ્ય માણસના વ્યક્તિત્વનું નિર્માણ છે. માણસ સતત વિકસતો રહે છે. તેની શિક્ષા– દીક્ષાની પ્રક્રિયા ક્યારેય સમાપ્ત થતી નથી. શિક્ષણનું વાસ્તવિક ઉદ્દેશ્ય મનને જગાડવાનો છે અને તેથી તેની બુદ્ધિ ક્યારેય સ્થિરતાનો શિકાર નહીં બને.

સાચું જ્ઞાન માણસાઈ માટે ફાયદો કરે જે જ્ઞાન માણસાઈ માટે ફાયદો ના કરે તે કોઈ હેતુપૂર્ણ જ્ઞાન નથી. એવા જ્ઞાનની પ્રાપ્તિ માટે પોતાનું સમય વેડફવું ના જોઈએ. જે જ્ઞાનથી કોઈ વાસ્તવિક ફાયદો નથી તે સમય બરબાદ કરવું છે. હજરત મહંમદ પયગંબર સાહેબ જ્ઞાન જેવુ બીજું કશું પવિત્ર માનતા નથી તેઓ જણાવે છે આપેલ દરેક ભેટ કામચલાઉ હોય છે પરંતુ જ્ઞાનની ભેટ ક્યારેય સમાપ્ત થતી નથી, દરેક વ્યક્તિની પ્રથમ પાઠશાળા તેનું પોતાનું ઘર છે આ પાઠશાળાના ગુરુ સ્વયં માતા પિતા છે આ હદિષ દ્વારાં બે બાબતો સ્પષ્ટ થાય છે કે પ્રથમ માતા પિતા શિક્ષિત હોવા જોઈએ કારણ કે જો માતા પિતા શિક્ષિત ના હોય તો તે શિક્ષણની જરૂરિયાતને ના તો સમજી શકશે, ના તો પોતાના સંતાનને શિક્ષિત કરવામાં ઉચિત યોગદાન આપી શકશે. બીજી બાબત છે કે ઘર ફક્ત બાળકના પાલન પોષણની જગ્યા નથી પરંતુ તે બાળકના શિક્ષા દીક્ષા કરવાની પણ જગ્યા છે દરેક ઘર શિક્ષા દીક્ષાનું એક સંસ્થાન હોવું જોઈએ તેના વગર તે ઘર સપૂર્ણ અર્થોમાં ઘર નથી. જ્ઞાની હોવાની મહાનતા અન્ય તમામ બાબતો કરતાં વધારે છે. જ્ઞાનનો સંબંધ બુદ્ધિ સાથે છે જ્ઞાનથી બુદ્ધિને સ્વાસ્થ્ય મળે છે. બૌદ્ધિક વિચાર શક્તિ વધે છે.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

જ્ઞાન દ્વારાં બુદ્ધિને કેટલીક બાબતોને યોગ્ય રીતે સમજવાનું તેમજ  કાર્ય માટે વધુ યોગ્ય આયોજન કરવા સક્ષમ બનાવે છે. જ્ઞાન પ્રાપ્ત કરનાર વ્યક્તિનું વ્યક્તિત્વ અત્યંત વ્યાપક બની જાય છે.  મનુષ્ય જ્ઞાનની સંપત્તિનો સ્વામી બની શકે છે.

ઈસ્લામમાં જ્ઞાન પ્રાપ્તિનું મહત્વ ઘણું છે ઈસ્લામનું  શિક્ષણ છે કે દરેક સ્ત્રી પુરુષે પોતાના જ્ઞાનમાં સતત વૃદ્ધિ કરવા પ્રયત્ન કરવા જોઈએ.વાસ્તવિકતા એ છે કે જ્ઞાનની કોઈ મર્યાદા નથી. માણસને કોઈપણ જગ્યાએ પોતાની જાતને રોક્યા વિના જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. વ્યક્તિ પાસે ફક્ત પુસ્તકિયું જ્ઞાન હોવું કે પોતાના ભૂતકાળને યાદ રાખવું પૂરતું નથી. સાથે તેના માટે મહત્વનું છે તે પોતાના વર્તમાન સમયને જાણે. પોતે જે દુનિયામાં જીવી રહ્યો છે તેના વિશે જાણે. દુનિયાને જાણવાની મહત્તા વૈચારિક અને વ્યવહારું બંને રીતે છે. વર્તમાન જ્ઞાન વિના વિચાર અધૂરા છે. તેમજ સમયના સંજોગોમાં શાશ્વત સત્યોને કેવી રીતે લાગુ પાડવા તે જાણવાથી તે વંચિત રહે છે. આવી વ્યક્તિ પોતાના કામ માટે સફળ યોજના બનાવી શકતી નથી.

શિક્ષણ મેળવવાની અને આપવાની પ્રક્રિયા સમાજ કલ્યાણ સાથે જોડેલી બાબત છે. વ્યક્તિએ ફક્ત પોતાનું જ જ્ઞાન વધારવું ના જોઈએ, પરંતુ અન્ય લોકો સુધી જ્ઞાન પહોંચાડીને કલ્યાણકારી કાર્ય કરવું જોઈએ.

જીવનમાં જ્ઞાની લોકોની સંગતિ રાખવી જોઈએ, જ્ઞાની લોકોની સાથે રહેવાથી જીવન વિશે ઊંડાણપૂર્વકનો જ્ઞાન અને સમજણ મળે છે. જે મુશ્કેલ પરિસ્થિમાં માર્ગદર્શન આપે છે. તેમજ નૈતિક મૂલ્યો, ઈમાનદારી, સારી આદતો અને જીવન જીવવાની ઉત્તમ પદ્ધતિઓ કેળવવાની સાથે વિચારશક્તિ અને નવી દ્રષ્ટિ વિકસે છે. તેમજ ચારિત્રનું ઘડતર થાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

## સંદર્ભસૂચિ

Ali, Y. A. (1985).*The Holy Qur'an Madinah*: The presidency of Islamic Researches.

Alam. Z. (1991).*Education in Early Islamic Period*: Markazi Maktaba Islami.

Al-Tabrizi (1990). *Mishkat-ul-Masabeeh*. New Delhi: Kitab Bhavan.

Besant, A. (2002). *Avatara*-s.Chennai: The Theosophical Publishing House.

Bukhari, I. (1971). *Sahih Al- Bukhari*. Translated into English by Muhammad Mohsin Khan. Madinah: Al Maktabat Al Salafiat.

Bush, G. *The Life of Muhammad*. Quoted by Afzalur Raheman (1980). Muhammad The Educator of Mankind. London: The Muslim Schools Trust London.

Dawud, A. (2003). *Sunan Abu Dawud*, English Translation by Ahmad Hasan. New Delhi: Kitab Bhavan

Khan, Z.A. (2019). *The Prophet Muhammad SAW and the Empowerment of Women*. University of Kashmir. http://hdl.handle.net/10603/291676

Khan, A. Kanz-ul-Iman, English Translation by Mufti Abdun nabi Hamid. Maktaba-ul-Madina

Khan, A. *Kanz-ul-Iman* (Translation of Glorious Qur'aan): Maktaba-tul-Madina

Lings. M (1983). *Muhammad*: Inner Traditions Rochester, Vermont

Muslim ibn al- Hajjaj. *Sahih Muslim*. Translated into English by Siddiqui abdul Hamid.

Shaykh, k. *Zia-un-Nabi*. Zia-ul-Quran: Pakistan

આઝમી, એ. *સીરતે મુસ્તફા*, અનુવાદક શેખ ગુલામ રાઝિક.સુન્ની દા'વતે ઈસ્લામી – દયાદરા શાખા:

ખાન,વી.(2019). *ઈસ્લામ આધુનિક યુગ કા નિર્માતા*:ગૂડવર્ડ બુક્સ. www.cpsglobal.org

ખાન,વી.(2013). *પૈગમ્બર ઈસ્લામ હજરત મુહમ્મદ કા જીવન*:ગૂડવર્ડ બુક્સ. www.cpsgglobal.org

ખાન,વી.(1994). *ઈતિહાસ કા સબક:* અલ રિસલા બુક્સ. www.alrisala.org

ખાન,વી.(2019). *પૈગમ્બર એ ઈસ્લામી એક આદર્શ ચરિત્ર*: ગૂડવર્ડ બુક્સ. www.cpsglobal.org

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
Special Issue: 1
November: 2025

ખાન,વી.(2013). *પૈગમ્બર ઈસ્લામ હજરત મુહમ્મદ કા જીવન*: ગૂડવર્ડ બુક્સ. www.cpsgglobal.org ભરૂચ

જોશી, બી.(2011). *ગુણાત્મક સંશોધન અને તેની રજૂઆત.* ગૂજરાત વિદ્યાપીઠ:અમદાવાદ

કારંટવી. કે તથા અન્ય (2015). *ફરમાને મુસ્તફા.* હુસૈની કમિટી(સુન્ની) :મોરબી

*કુરઆન મજીદ કન્ઝુલ ઈમાન.* ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ:અમદાવાદ

મિસ્બાહી, બી. *ઇસ્લામ અને વિશ્વશાંતિ.* અનુવાદક પટેલ શબ્બીર રઝવી. સુન્ની દાવતે ઈસ્લામી: દયાદરા

મુબી, એમ.(2015). *પવિત્ર ગ્રંથ કુરાનમાં શૈક્ષણિક વિચારોના સંદર્ભમાં વ્યક્તિગત અને સામાજિક વિકાસનું વિશ્લેષણાત્મક અધ્યાય* [અપ્રકાશિત મહાશોધ નિબંધ].

ઉચાટ ,ડી. એ.(2006).*ગુણાત્મક સંશોધન.* રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ઉચાટ,ડી. એ. (2012). *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર*, પારસ પ્રકાશન, રાજકોટ.

યાજ્ઞિક,જે. (1984). *જગતના વિદ્યમાન ધર્મો.*યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ:અમદાવાદ.